**મે. અમદાવાદ ખાતેનાં મજૂર અદાલતના એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૫૬૮/૨૦૨૪**

**આંકઃ-૭**

**ફરિયાદીઃ- નામદાર સરકાશ્રી તરફે શ્રી ડી.એમ. ઉઘનાવાલા**
ઈન્સ્પેકટર ઓફ ઈન્સ્પેકશન ઓફ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન,
૩ ,૪ તથા ૫ જો માળ, શ્રમ ભવન, રૂસ્તમ કામા માર્ગ,
ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

**વિરુદ્ધ**

**આરોપીઓઃ- ૧.સ્વોજસ બિલ્ડર્સ (સંસ્થા)**
સ્વોજસ પ્રાઈડ, ટી.પી.નંબર ૦૧, ઓગણજ,
હોનેસ્ટ હોટલની પાછળ, ઓગણજ સર્કલની પાસે,
ઓગણજ,અમદાવાદ.

**૨. શ્રી નિર્સગભાઈ હર્ષદભાઈ પટેલ**
૧૧, અશ્વમેઘ રેસીડેન્સી, સોલા સિવિલ હોસ્પિટલની બાજુમાં,
રત્નાસાગર બંગ્લોઝ પાર્ટ૧/૨ ની પાસે, સોલા, અમદાવાદ.

**ગુન્હોઃ**-ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ૧૯૯૬ ની કમલ ૪૮ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરવા બાબત.

---------------------------------------

ફરિયાદી તરફેઃ-
આરોપીઓ તરફેઃ-ઓથોરીટી

**--:: હુ ક મ ::-**

(૧) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદી ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ -૧૯૯૬ ની કલમ-૪૨ નીચે નિરીક્ષક તરીકે નિમાયેલ છે. આ કામનાં ફરિયાદીએ આરોપી સંસ્થાની બાંધકામની સાઈટની તા.૧/૪/૨૦૨૨ નાં રોજ મુલાકાત લેતાં, સદરહું આરોપીઓએ ધી આરોપીએ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન રૂલ્સ-૨૦૦૩ ના **નિયમ-૫૫ (૧) જોગવાઈઓનાં ભંગ બદલ** ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ -૧૯૯૬ ની **કલમ-૪૮** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) ઉપરોકત સંદર્ભની ફરિયાદ અત્રેની અદાલતમાં ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતાં સંબંધિત કોર્ટ ધ્વારાભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. ફરીયાદીને હકીકત એવી છે કે આરોપી સંસ્થામાં બાંધકામની પ્રવૃતી દરમ્યાન શ્રમયોગી કમલાબેન મનસુખભાઈ ઓડ ને અકસ્માત થતા મૃત્યુ થવા બાબતે છે.

(૩) હાલની ફરિયાદ અત્રેની અદાલત ધ્વારા આ કામનાં આરોપીને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતી આરોપીનાં ઓથોરાઈઝડ પરસન **શ્રી શશાંક ધનંજય જાદવ** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી

લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરે છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) હાલનાં કામે તહોમતદારનાં ઓથોરાઈઝડ પરસન **શ્રી શશાંક ધનંજય જાદવએ** ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં તેઓ તમો તહોમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતાં હોવાનું જણાવે છે, ત્યારબાદ તમામ તહોમતદારવતી તેમનાં ઓથોરાઈઝડ પરસન **શ્રી શશાંક ધનંજય જાદવની** પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીનાં ઓથોરાઈઝડ પરસન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આમ, આ કામે તહોમતદાર કંપની તેમનાં ઓથોરાઈઝડ પરસન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાનમાં લેતાં, આ કામે તહોમતદાર તે કંપનીનાં જવાબદાર અધિકારી હોય, તેમજ તેઓ સ્વેચ્છાપુર્વક રાજી ખુશીથી હાલનો ગુનો તેમનાં ઓથોરાઈઝડ પરસન મારફતે કબુલ રાખતા હોય, હાલનાં તહોમતદારને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયના હેતુ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. સવિશેષ નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું-૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**--:: હુ ક મ ::--**

૧) સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨ અન્વયે ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ રૂલ્સ-૨૦૦૩ ના **નિયમ-૫૫(૧)ના ભંગ બદલ** ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ -૧૯૯૬ ની **કલમ- ૪૮** હેઠળ તકસીરવાન ઠરાવીને દરેક આરોપીને નિયમના ભંગ બદલ **રૂા.૫૦૦/-** લેખે બે આરોપીના મળીને કુલ **રૂા.૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ,** અને જો દંડ ન ભરે તો દિન-૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી તરફે ઓથોરાઈઝડ પરસન **શ્રી શશાંક ધનંજય જાદવ** દંડની રકમ ભરવાનો કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ જરૂરી નિયમોની ક્ષતિની પુર્તતા કરી દિન-૩૦ માં સંબંધિત કચેરીને જાણ કરવી.

૪) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૦૯/૦૩/૨૦૨૪ નાં રોજ અત્રેની કોર્ટમાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

**તારીખઃ-૦૯-૦૩-૨૦૨૪**

**સ્થળઃ-અમદાવાદ.**

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ, (સિનિયર ડિવિઝન)**
**લેબરકોર્ટ, અમદાવાદ**

ARPITA PATEL (P.A)